**ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ**
નાણાં વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૧/૧૨/૨૦૨૩

**પ્રતિ,**
સર્વે સચિવશ્રી/અગ્રસચિવશ્રી/અધિકમુખ્યસચિવશ્રી,
સચિવાલય, ગાંધીનગર

**વિષય:** 30 જૂનના રોજ વયનિવૃત થતાં કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબત

**સંદર્ભ:** નાણા વિભાગનો તા:૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત ઠરાવ અન્વયે જણાવવાનું કે, 30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબતે નીચે મુજબની વિગતવાર સુચનાઓ ધ્યાને લેવા અને સંબંધિતો(વિભાગના તાબાની કચેરીઓ)ને સૂચના આપવા વિનંતી છે.

૧. 30 જૂનના રોજ વયનિવૃત થયેલ પેન્શનરની યાદી DPPF/LF(લોકલ ફંડ) કચેરીએ સંબંધિત વિભાગને આ સાથે સામેલ સમય-પત્રક મુજબ મોકલી આપવાની રહેશે.

૨. આ યાદી પરત્વે સંબંધિત કચેરી/વિભાગે પેન્શનરનો સંપર્ક કરી અરજી મેળવવાની રહેશે. અરજી મળ્યા બાદ તેની સેવાકીય વિગતોની ચકાસણી કરી, સક્ષમ અધિકારીએ પ્રવર્તમાન નિતી-નિયમો અનુસાર ઈજાફો આકારી, રિવાઈઝ પેન્શનની દરખાસ્ત તૈયાર કરી સંબંધિત પેન્શન અધિકૃત કરનાર કચેરી(સંબંધિત LF કચેરી/DPPF કચેરી)ને સેવાપોથી સાથે સમય-પત્રકામાં દર્શાવેલ સમય-મર્યાદામાં મોકલી આપવાની રહેશે.

૩. ઉક્ત સંદર્ભમાં દર્શાવેલ તા:૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવ અગાઉ જે ચુકાદા આવેલ છે અને તેમાં **Contempt Petition**ને ધ્યાને લઈ, નામ.હાઈકોર્ટના ચુકાદાનો

સ્વીકાર કરવાની અનુમતિ મળેલ હોય અને સંબંધિત કચેરી/વિભાગ દ્વારા હુકમો કરવામાં આવેલ હોય, તેવા કેસોમાં જે-તે સમયે મળેલ મંજૂરી મુજબ કેસોનું આખરીકરણ કરવાનું રહેશે. તેમજ જે કેસોમાં ચુકવણુ કરવાની કાર્યવાહી પુર્ણ કરેલ છે, તેવા કેસો પરત્વે હાલના તબક્કે કોઈ કાર્યવાહી કરવાની રેહેશે નહિ.

૪. ખાતાકીય તપાસ/ અવસાન/ બઢતી જેવા વિશેષ ચકાસણી માંગી લે તેવા કેસો પરત્વે વિશેષ કાળજી રાખી, સમય મર્યાદાના બાધ સિવાય મોકલી આપવાના રહેશે.

આપનો વિશ્વાસુ,

(દિલીપ નાઈ)
સેકશન અધિકારી
નાણા વિભાગ

બિડાણઃ પત્રક-૧

**નકલ રવાનાઃ**

- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક-૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (સંબંધિતોને જાણ તથા જરૂરી કાર્યવાહિ કરવા સારુ)
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, બ્લોક નં.૧૮, ડૉ. જીવરાજ મહેતા ભવનં, ગાંધીનગર. (સંબંધિતોને જાણ તથા જરૂરી કાર્યવાહિ કરવા સારુ )
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, બ્લોક-૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (સંબંધિતોને જાણ તથા જરૂરી કાર્યવાહિ કરવા સારુ)

# પત્રક

| પેન્શનરની નિવૃતી તારીખ | DPPF/LF કચેરી દ્વારા સંબંધિત વિભાગને યાદી મોકલી આપાવાની તારીખ | વિભાગ/કચેરીએ પેન્શન કેસ મંજુર કરી સંબંધિત DPPF/LFને પેન્શન કેસ મોકલી આપવાની સમય-મર્યાદા | DPPF/LF કચેરી દ્વારા કેસ અધિકૃત કરવાની તારીખ |
|---|---|---|---|
| તા:30-0૬-૨૦૨૩,<br>તા:30-0૬-૨૦૨૨,<br>તા:30-0૬-૨૦૨૧,<br>તા:30-0૬-૨૦૨૦,<br>તા:30-0૬-૨૦૧૯ | તા:૨૦/૧૨/૨૦૨૩ | તા:૧૫/૦૧/૨૦૨૪ | તા:૧૫/૦૩/૨૦૨૪ |
| તા:30-0૬-૨૦૧૮,<br>તા:30-0૬-૨૦૧૭,<br>તા:30-0૬-૨૦૧૬,<br>તા:30-0૬-૨૦૧૫,<br>તા:30-0૬-૨૦૧૪, | | તા:૩૧/૦૧/૨૦૨૪ | તા:૩૧/૦૩/૨૦૨૪ |
| તા:30-0૬-૨૦૧૩,<br>તા:30-0૬-૨૦૧૨,<br>તા:30-0૬-૨૦૧૧,<br>તા:30-0૬-૨૦૧૦,<br>તા:30-0૬-૨૦૦૯ | | તા:૧૫/૦૨/૨૦૨૪ | તા:૧૫/૦૪/૨૦૨૪ |
| તા:30-0૬-૨૦૦૮,<br>તા:30-0૬-૨૦૦૭,<br>તા:30-0૬-૨૦૦૬ | | તા:૨૮/૦૨/૨૦૨૪ | તા:30/૦૪/૨૦૨૪ |